# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એકટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વિ.ક./યુ.મો./૨૦૧૯/ 43149

તા. ૧૪/૦૮/૨૦૧૯

**પરિપત્ર- 911**

**વિષય : શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના દ્વિતીય યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૯" ના રજીસ્ટ્રેશન બાબત.**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા આગામી તા. ૧૪,૧૫,૧૬ સપ્ટેમ્બર-૨૦૧૯ ના રોજ ગોધરા ખાતે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના દ્વિતીય યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૯" નું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના દ્વિતીય યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૯" ના આયોજન અને સંચાલનમાં સુગમતા રહે તે માટે માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર યુનિવર્સિટી દ્વારા વિશેષ પોર્ટલ "સ્પંદન-૨૦૧૯" તૈયાર કરવામાં આવેલ છે. સંબંધિત કોલેજોએ યુનિવર્સિટીની વેબસાઇટ www.sggu.ac.in પર "સ્પંદન-૨૦૧૯" પોર્ટલ માં લોગીન થઇ સૌ પ્રથમ પોતાની કોલેજની વિગતોની એન્ટ્રી કર્યા બાદ તેમની કોલેજમાંથી ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓનું તા.૦૩/૦૯/૨૦૧૯ સુધીમાં જરૂરી તમામ વિગતો સાથે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તા.૦૪/૦૯/૨૦૧૯ થી તા.૦૬/૦૯/૨૦૧૯ દરમિયાન રજીસ્ટ્રેશનમાં કોઇ સુધારો હોય તો કરી શકાશે. તેમજ આચાર્યશ્રીએ પોતાના સહી-સિક્કા કરી ઓનલાઇન લીધેલ પ્રિન્ટઆઉટ યુનિવર્સિટીને બિનચૂક મોકલી આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓનું નિયત સમ-મર્યાદામાં પોર્ટલ પર રજીસ્ટ્રેશન થયેલ નહી હોય તેવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના દ્વિતીય યુવક મહોત્સવ "સ્પંદન-૨૦૧૯" માં ભાગ લેવા દેવામાં આવશે નહિ અને આ અંગે કોઈપણ રજૂઆત માન્ય રખાશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી.

નોંધ :

(1) દરેક કોલેજોએ "સ્પંદન-૨૦૧૯" પોર્ટલ માં લોગીન થવા તેમની કોલેજના નામ પર ક્લિક કરી principal123 પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. દરેક કોલેજે પોર્ટલમાં પ્રથમ વખત લોગીન થયા બાદ પોતાનો પાસવર્ડ બદલવાનો રહેશે.

(2) આ અંગે કોઈપણ માહિતીની આવશ્યકતા હોય તો નીચે દર્શાવેલ કોરકમિટીના સભ્યશ્રીઓનો સંપર્ક કરવો.

| | |
|---|---|
| - ડો. કિશોર વ્યાસ, આચાર્યશ્રી, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ | ૯૯૨૪૭ ૩૫૧૧૧ |
| - ડો. મહેશ મેહતા, આચાર્યશ્રી, આર્ટસ કોલેજ, મુનપુર | ૯૫૧૨૦ ૭૫૯૯૯ |
| - પ્રો. આઇ.પી.મેકવાન, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કાલોલ | ૯૫૭૪૪ ૪૪૦૪૦ |
| - પ્રો. આશિષ આર. મોદી, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઝાલોદ | ૯૮૨૫૬ ૮૬૨૫૪ |

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાઓ/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/વડાશ્રીઓ/ પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.